

# વિશ્વંભરી (જંગદંબાની) સ્તુતિ

વિશ્વંભરી અખિલ વિશ્વ તણી જનેતા, વિદ્યાધરી, વદનમાં વસજો વિધાતો,

દુર્બુદ્ધિને દૂર કરી સદ્‌બુદ્ધિ આપો, મામ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો. . . . . . . . ૧

ભૂલો પડી ભવરણે ભટકું ભવાની, સૂઝે ન માર્ગ કદી કોઇ દિશા જવાની,

ભાસે ભયંકર વળી મનના ઉતાપો, મામ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો. . . . . . . . ૨

આ રંકને ઉગરવા નથી કોઇ આરો, જન્માંધ છું જનની હું ગ્રહી બાંહ્ય તારો.

ના શું સુણો ભગવતી શિશુના વિલાપો, મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો. . . . . ૩

મા, કર્મ જન્મ કથની કરતાં વિચારૂં, આ સૃષ્ટિમાં તુજ વિના નથી કોઇ મારૂં

કોન કહું કઠણ યોગ તણો બળાપો, મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો. . . . . . . ૪

હું કામ, ક્રોધ, મદ, મોહ થકી છકેલો, આડંબરે અતિ ઘણો મદથી ભરેલો,

દોષો થકી દુષિતનાં કરી માફ પાપો, મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો. . . . . . . ૫

ના શાસ્ત્રના શ્રવણનું પયપાન પીધું, ના મંત્ર કે સ્તુતિ કથા નથી કાંઇ કીધું,

શ્રદ્ધા ધરી નથી કર્યો તવ નામ જાપો, મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો. . . . . . . ૬

ખાલી ન કોઇ સ્થળ છે, વિણ આપધારો, બ્રમ્હાંડમાં અણુઅણુ મહીં વાસ તારો,

શક્તિ ન માપ ગણવા, અગણિત માપો, મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો. . . . . ૭

રે, રે, ભવાની બહુ ભૂલ થઇ જ મારી, આ જિંદગી થઇ મન અતિશે અકારી,

દોષો પ્રજાળી સઘળા તવ છાપ છાપો, મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો. . . . . . ૮

પાપે પ્રપંચ કરવા બધી વાતો પૂરો, ખોટો ખરો ભગવતી પણ હું તમારો,

જાડ્યાંધકાર કરી દૂર સુબુદ્ધિ આપો, મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો. . . . . . . ૯

શીખે સુણે રસિક છંદ જ એકાચિતે, તેના થકી ત્રિવિધતાપ ટળે ખચિત્તે,

વાધે વિશેષ વળી અંબા તણા પ્રતાપો, મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો. . . . . ૧૦

શ્રી સદ્‌ગુરૂ શરણમાં રહીને ભજું છું, રાત્રિ-દિને ભગવતી, તુજને ભજૂં છું,

સદ્‌ભક્ત સેવક તણા પરિતાપ આપો, મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો. . . . . ૧૧

અંતર વિષે અધિક ઊર્મિ થતાં ભવાની, ગાઉ સ્તુતિતવ બળે નમીને મૃડાની,

સંસારના સકળ રોગ સમૂળ કાપો, મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો. . . . . . . ૧૨

**આઈ શ્રી ખોડિયાર માતા ચેરિટેબલ એન્ડ રિલીજીયસ ટ્રસ્ટ, મુંબઈ**